# UAEએ 25,000 કરોડનું દેવું પાછું માંગતા શહબાઝ સરકાર ચીન-સાઉદીના શરણે

**ટૂંક** સમયમાં ભંડોળની વ્યવસ્થા નહીં થાય તો પાકિસ્તાન ફરીથી ડિફોલ્ટર બની શકે છે

નવી દિલ્હી, તા. 14: યુએઈએ પાકિસ્તાનને આપેલું 3 અબજ ડોલર (આશરે 25,000 કરોડ રૂપિયા)નું દેવું પાછું માગીને પાકિસ્તાનની મુશ્કેલીમાં વધારો કર્યો છે. છેલ્લા સાત વર્ષમાં પ્રથમવાર યુએઈએ આ દેવાને 'રોલ ઓવર' (મુદત વધારવી) કરવાનો ઈનકાર કર્યો છે. આ ઉપરાંત, પાકિસ્તાન પર યુએઈનું અન્ય 45 કરોડ ડોલરનું દેવું પણ બાકી છે. જો પાકિસ્તાન આ રકમ ચૂકવે તો તેનું વિદેશી મુદ્રા ભંડાર, જે હાલમાં 16.4 અબજ ડોલર છે, તે જોખમી સ્તરે નીચે આવી શકે તેમ છે.

બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, આ સંકટમાંથી બચવા વડા પ્રધાન શહબાઝ શરીફ હવે સાઉદી અરેબિયા અને ચીન સામે હાથ ફેલાવી રહ્યા છે. પાકિસ્તાન આ બંને દેશો પાસેથી 3.5 અબજ ડોલરથી વધુના નવા દેવા અને રોકાણ માટે વાટાઘાટો કરી રહ્યું છે. નાણામંત્રી મોહમ્મદ ઔરંગઝેબ હાલમાં વોશિંગ્ટનમાં આઈએમએફ અને વર્લ્ડ બેંકની બેઠકોમાં વ્યસ્ત છે. પાકિસ્તાનને આઈએમએફ પાસેથી 1.3 અબજ ડોલરનો આગામી હપ્તો મળવાની આશા છે જેનાથી તેને થોડી રાહત મળશે. નાણા મંત્રીએ માન્યું હતું કે જો ટૂંક સમયમાં ભંડોળની વ્યવસ્થા નહીં થાય તો પાકિસ્તાન ફરીથી ડિફોલ્ટર બની શકે છે.

પાકિસ્તાન 'પાન્ડા બોન્ડ્સ' (ચીની ચલણ યુઆનમાં દેવું) અને યુરોબોન્ડ્સ જેવા વિકલ્પો પર વિચાર કરી રહ્યા છે. નિષ્ણાતોનું માનવું છે કે પાકિસ્તાન અને સાઉદી અરેબિયા વચ્ચે વધતી નિકટતાથી યુએઈ નારાજ હોઈ શકે છે, જેના કારણે તેણે અચાનક નાણાં પાછા માગ્યા છે.



પ્રસ્તુત તસવીર બાંગ્લાદેશના ઢાકાની છે જ્યાં બંગાળી નવા વર્ષના પ્રથમ દિવસ 'પોહેલા બૈશાખ'ની ઉજવણી નિમિત્તે પરંપરાગત 'બૈશાખી શોભાયાત્રા' (મંગલ શોભાયાત્રા)માં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.



# અમેરિકાનો સૌથી ડરામણો 'રેઈન્બો બ્રિજ' રિનોવેશન બાદ ફરી શરૂ

**20 માળની** ઊંચાઈ આજે પણ ડ્રાઈવરોને ધ્રુજારી છોડાવે છે

વોશિંગ્ટન, તા. 14: અમેરિકાના ટેક્સાસ રાજ્યમાં સ્થિત અને દેશના સૌથી ભયાનક ડ્રાઈવિંગ અનુભવો માટે કુખ્યાત 'રેઈન્બો બ્રિજ' સમારકામ બાદ ફરીથી ખુલ્લો મૂકવામાં આવ્યો છે. નેચેસ નદી પર બનેલો આ બ્રિજ પોર્ટ આર્થર અને બ્રિજ સિટીને જોડે છે. તેની ઉંચાઈ 20 માળની ઈમારત જેટલી એટલે કે લગભગ 200 ફૂટ છે, અને તેનો ઉભો ચઢાણ ડ્રાઈવરોને કોઈ જૂની રોલર કોસ્ટર રાઈડ જેવો અનુભવ કરાવે છે. વર્ષ 1938માં બનેલો આ ઐતિહાસિક બ્રિજ માર્ચ 2025થી નવીનીકરણ માટે બંધ હતો. આશરે 1,450 ફૂટ લાંબા આ બ્રિજની રોડ સરફેસ અને સેફ્ટી રેલિંગને મજબૂત કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ નિર્ધારિત સમય કરતાં 6 મહિના વહેલો પૂર્ણ થયો છે. આ દરમિયાન ટ્રાફિકને બાજુમાં આવેલા વેટરન્સ મેમોરિયલ બ્રિજ પર ડાયવર્ટ કરાયો હતો. સોશિયલ મીડિયા પર અનેક લોકોએ આ બ્રિજ પસાર કરતી વખતે આવતા ગભરાટ અને પેનિક એટેક જેવા અનુભવો શેર કર્યા છે, જે સાબિત કરે છે કે રિનોવેશન છતાં તેની ઊંચાઈ આજે પણ એટલી જ ડરામણી છે.




## રણબીર-આલિયાના લગ્નની ચોથી એનિવર્સરી



મુંબઈ, તા. 14: બોલિવૂડ કપલ આલિયા ભટ્ટ અને રણબીર કપૂરે 14 એપ્રિલે પોતાના લગ્નની ચોથી એનિવર્સરી સેલિબ્રેટ કરી હતી. આ પ્રસંગે આલિયાએ સોશિયલ મીડિયા પર પોતાના વેકેશનની ઘણી અનસીન તસવીરો અને વીડિયો શેર કર્યા છે. આ તસવીરોમાં આ કપલ બરફીલી વાદીઓ વચ્ચે સુકૂનની પળો વિતાવતું જોવા મળી રહ્યું છે. આલિયાએ ઇન્સ્ટાગ્રામ પર પોતાની સ્કીઈંગ ટ્રિપની ઝલક બતાવી છે. શેર કરવામાં આવેલા વીડિયોમાં બંને પહાડો પર સ્કીઈંગ કરતાં અને બરફીલી વાદીઓનો આનંદ માણતાં દેખાઈ રહ્યાં છે. એક ફોટામાં બંને સાથે બેસીને ગરમ ડ્રિંક્સ એન્જોય કરી રહ્યા છે. જોકે આલિયાએ લોકેશનનો ખુલાસો કર્યો નથી, પરંતુ વિઝ્યુઅલ્સ જોઈને ફેન્સ અંદાજો લગાવી રહ્યા છે કે આ કપલ સ્વિટ્ઝરલેન્ડના ગસ્તાદમાં રજાઓ માણી રહ્યું છે.

## રાખી સાવંતનું ફરી વિવાદાસ્પદ નિવેદન: અમિતાભ-રેખાના સંબંધો પર કરી ટિપ્પણી



**"અમિતાભ-રેખા** રાજા-રાણી તો જયા લાગે છે તેમની નોકરાણી...", 'આટલી અમીર હોવા છતાં ફાટેલાં-જૂનાં કપડાં પહેરે છે...: રાખી સાવંત

મુંબઈ, તા. 14: રાખી સાવંત આજે કોઈ ઓળખની મોહતાજ નથી અને તમને જણાવી દઈએ કે તે પોતાના બિન્દાસ અંદાજને કારણે અવારનવાર ચર્ચામાં રહે છે. ઘણીવાર તે એટલા બોલ્ડ નિવેદનો આપી દે છે કે ચારેબાજુ તેની જ ચર્ચા થવા લાગે છે. હવે આ દરમિયાન રાખી સાવંતનો એક વીડિયો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જેમાં રાખી સાવંત કહે છે કે, "મને એ નથી સમજાતું કે અમિતાભજીએ જયાજીની જ પસંદગી કેમ કરી. રેખા અને અમિતાભ રાજા-રાણી જેવા લાગે છે અને જયાજી તેમની નોકરાણી જેવી લાગે છે. એટલા માટે અમિતાભજીએ રેખાજીને અપનાવી લેવા જોઈએ અને બાકીનું જીવન તેમની સાથે વિતાવવું જોઈએ." અન્ય એક વીડિયો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે જેમાં રાખી સાવંત કહેતી જોવા મળી રહી છે કે "જયા જી, તમે આટલા અમીર અને આટલા મોટા હીરોઈન હોવા છતાં પોતાને શણગારતા નથી. તમે વાળને કલર તો કરો. તમારા હસબન્ડ અમિતાભ બચ્ચન છે." રાખી સાવંતે આગળ કહ્યું કે "રેખા જીને જુઓ, તે કેવી પોતાને શણગારે છે, કેવા ઘરેણાં પહેરે છે ભાઈ! તે ખૂબ જ સુંદર છે. જયા જી, તમારા સલવાર કમીઝ પણ જોઈએ તો ખૂબ જ ફાટેલા-જૂના લાગે છે."

## 'ધુરંધર' સિરીઝનો ઐતિહાસિક વર્લ્ડ રેકોર્ડ: 3000 કરોડની કમાણી કરનારી પ્રથમ ભારતીય ફ્રેન્ચાઇઝી



મુંબઈ, તા. 14 : ઇન્ડિયન સિનેમાના ઇતિહાસમાં એક નવું સુવર્ણ પ્રકરણ ઉમેરાઇ ગયું છે. આદિત્ય ધરના ડાયરેક્શનમાં બનેલી 'ધુરંધર' સિરીઝે ગ્લોબલ બોક્સ ઓફિસ પર એક એવો પરાક્રમ કરી બતાવ્યો છે, જેને પહેલા અશક્ય માનવામાં આવતો હતો. ફિલ્મ સિરીઝના બંને ભાગોએ મળીને દુનિયાભરમાં 3000 કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી છે, જેનાથી આ પરાક્રમ કરનારી તે પ્રથમ ઇન્ડિયન ફિલ્મ ફ્રેન્ચાઇઝી બની ગઈ છે. રણવીર સિંહ સ્ટારર આ જાસૂસી એક્શન થ્રિલરે માત્ર કમાણીના નવા રેકોર્ડ જ નથી બનાવ્યા, પરંતુ ગ્લોબલ સ્ટેજ પર બોલિવૂડનો દબદબો પણ મજબૂતીથી કાયમ કર્યો છે.

# પશ્ચિમ એશિયાના યુદ્ધના કારણે ભારતમાં વધુ 25 લાખ લોકો ગરીબીમાં ધકેલાશે

**મોંઘું** ઈંધણ અને ખાતરની અછત ખેતી-ઉદ્યોગોને નુકસાન પહોંચાડશે

**માનવ** વિકાસ આંકમાં ભારત પાછળ ધકેલાવાની આશંકા

**માલસામાનનું** ભાડું અને કાચા માલના ખર્ચમાં વધારો થયો, જેનાથી સામાન્ય પરિવારોની ખરીદશક્તિ ઘટી

સંયુક્ત રાષ્ટ્રો, તા. 14 (પીટીઆઈ): પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સૈન્ય સંઘર્ષને કારણે ભારતના અંદાજે 25 લાખ (2.5 મિલિયન) લોકો ગરીબીમાં ધકેલાઈ જવાની ભીતિ છે.

સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (યુએનડીપી)ના તાજેતરના 'મધ્યપૂર્વમાં યુદ્ધઃ એશિયા અને પ્રશાંત ક્ષેત્રમાં તેની માનવ વિકાસ પર અસર' અહેવાલ મુજબ, આ યુદ્ધને કારણે ભારતની માનવ વિકાસ પ્રગતિ (એચડીઆઈ)ને પણ મોટું નુકસાન થઈ શકે છે. અહેવાલ અનુસાર, આ સંઘર્ષને કારણે ઈંધણ, માલસામાનનું ભાડું અને કાચા માલના ખર્ચમાં વધારો થયો છે, જેનાથી સામાન્ય પરિવારોની ખરીદશક્તિ ઘટી છે અને ખાદ્ય અસુરક્ષામાં વધારો થયો છે.

ભારત પોતાની જરૂરિયાતનું 90%થી વધુ તેલ અને એલપીજી આયાત કરે છે, જેનો મોટો હિસ્સો પશ્ચિમ એશિયામાંથી આવે છે. આ ઉપરાંત, ભારતની યુરિયા ફેક્ટરીઓ અને ખાતરની આયાત પણ આ પ્રદેશ પર નિર્ભર છે. જો આ સંઘર્ષ લાંબો ચાલે તો જૂન મહિનાથી શરૂ થતી ખરીફ સીઝન (ચોમાસુ પાક) પર તેની વિપરીત અસર પડી શકે છે. અહેવાલ મુજબ, ભારતમાં ગરીબીનો દર 23.9% થી વધીને 24.2% થવાની ધારણા છે, જેનો અર્થ છે કે વધારાના 2,464,698 લોકો ગરીબી રેખા નીચે આવી શકે છે. આર્થિક અસરો ઉપરાંત, રોજગાર પર પણ મોટું જોખમ છે. અખાતી દેશોમાં આશરે 93.7 લાખ ભારતીયો વસે છે, જેઓ ભારતની કુલ રેમિટન્સ (વિદેશથી આવતા નાણાં)માં 38-40% ફાળો આપે છે. જો ત્યાં આર્થિક ગતિવિધિઓ નબળી પડે, તો ભારત આવતા નાણાંમાં ઘટાડો થશે. ખાસ કરીને ભારતના સૂક્ષ્મ અને નાના ઉદ્યોગો (એમએસએમઈ), જેમ કે જેમ્સ એન્ડ જ્વેલરી, સ્ટીલ અને ટેક્સટાઈલ ક્ષેત્ર પર તેની માઠી અસર પડશે. સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં અવરોધોને કારણે તબીબી ઉપકરણોના કાચા માલના ભાવમાં 50% અને દવાઓના જથ્થાબંધ ભાવમાં 10-15%નો વધારો પહેલેથી જ જોવા મળ્યો છે.

## ઈઝરાયેલ-લેબનોન વચ્ચે ઐતિહાસિક વાટાઘાટો

વોશિંગ્ટન, તા. 14 (AP) : ઈઝરાયેલ અને હિઝબુલ્લાહ આતંકવાદી જૂથ વચ્ચે એક મહિનાથી વધુ સમય સુધી ચાલેલા યુદ્ધ બાદ લેબનોન અને ઈઝરાયેલ વચ્ચે મંગળવારે વોશિંગ્ટનમાં દાયકાઓમાં તેમની પ્રથમ સીધી રાજદ્વારી વાટાઘાટો શરૂ થઈ હતી. સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ તેને ઐતિહાસિક તક ગણાવી અને સ્પષ્ટ કર્યું કે તાત્કાલિક કોઈ મોટી સફળતાવાળી સમજૂતીની અપેક્ષા નથી. રુબિયોએ જણાવ્યું હતું કે, ટ્રમ્પ વહીવટીતંત્ર આ ચર્ચાઓને આગળ વધારવામાં મદદ કરીને ખૂબ જ ખુશ છે, સાથે નોંધ્યું હતું કે, "અમે સમજીએ છીએ કે અમે દાયકાઓના ઈતિહાસ અને જટિલતાઓ સામે કામ કરી રહ્યા છીએ. જેનો ઝડપથી ઉકેલ આવશે નહીં." હિઝબુલ્લાહ આ સીધી વાટાઘાટોનો વિરોધ કરે છે અને તેમાં તેનું કોઈ પ્રતિનિધિત્વ નહોતું અને વાટાઘાટો શરૂ થતાં જ આ જૂથે ઉત્તરી ઈઝરાયેલ પર તેના હુમલા તેજ કરી દીધા હતા.

## માર્ચમાં ભારતની રશિયન તેલની આયાતમાં ત્રણ ગણો ઉછાળો

**માર્ચ** મહિનામાં ભારતની રશિયન તેલની આયાત વધીને 47,700 કરોડ રૂપિયા પર પહોંચી

**માર્ચમાં** ચીન 51 ટકા સાથે સૌથી વધુ રશિયન તેલ ખરીદનાર દેશ, બીજા ક્રમે ભારત

નવી દિલ્હી, તા. 14 (પીટીઆઈ): માર્ચ 2026માં રશિયા પાસેથી ભારતે કરેલી તેલની ખરીદીમાં તોતિંગ વધારો જોવા મળ્યો છે. યુરોપિયન થિંક ટેન્ક 'સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ ક્લીન એર' (સીઆરઈએ)ના અહેવાલ મુજબ, માર્ચ મહિનામાં ભારતની રશિયન તેલની આયાત ત્રણ ગણી વધીને 5.3 અબજ યુરો (આશરે 47,700 કરોડ રૂપિયા) પર પહોંચી ગઈ છે. ફેબ્રુઆરીમાં ભારતે 1.8 અબજ યુરોની (16,200 કરોડ રૂપિયા) આયાત કરી હતી, જેની સરખામણીએ માર્ચમાં ભારત રશિયન અશ્મિભૂત ઈંધણનો વિશ્વનો બીજો સૌથી મોટો ખરીદદાર દેશ બન્યો છે.

ભારતની કુલ હાઈડ્રોકાર્બન આયાતમાં 91 ટકા હિસ્સો કાચા તેલનો હતો, જ્યારે બાકીનો હિસ્સો કોલસો (3,033 કરોડ રૂપિયા) અને અન્ય તેલ ઉત્પાદનોનો (1,606 કરોડ રૂપિયા) રહ્યો હતો. ખાસ કરીને ભારતની સરકારી રિફાઈનરીઓની આયાતમાં માસિક ધોરણે 148 ટકાનો જંગી વધારો નોંધાયો છે. મેંગલોર અને વિશાખાપટ્ટનમ રિફાઈનરીઓએ નવેમ્બર 2025થી રશિયન તેલ લેવાનું બંધ કર્યું હતું, પરંતુ માર્ચમાં ફરીથી ખરીદી શરૂ કરી છે. ખાનગી રિફાઈનરીઓની આયાતમાં પણ 66 ટકાનો વધારો થયો છે.

આ વધારા પાછળ અમેરિકા દ્વારા આપવામાં આવેલી એક મહિનાની પ્રતિબંધ મુક્તિ હોવાનું માનવામાં આવે છે.

# નીરવ મોદીના પ્રત્યાર્પણની અંતિમ લડાઈ

**યુરોપિયન** કોર્ટમાં ગુપ્ત રીતે સુનાવણી હાથ ધરાશે

નવી દિલ્હી, તા. 14: પંજાબ નેશનલ બેંક (પીએનબી)ના 13,000 કરોડ રૂપિયાના કૌભાંડનો આરોપી અને ભાગેડુ હીરા વેપારી નીરવ મોદી ટૂંક સમયમાં ભારત લાવી શકાય તેવી શક્યતા છે. ફ્રાન્સના સ્ટ્રાસબર્ગમાં સ્થિત 'યુરોપિયન કોર્ટ ઓફ હ્યુમન રાઈટ્સ' (ઈસીએચઆર)એ નીરવ મોદીને 'ગુપ્તતા' મંજૂર કરી છે, જેનો અર્થ છે કે હવે આ કેસની સુનાવણી જાહેર જનતાની નજરથી દૂર બંધ દરવાજે કરવામાં આવશે.

આગામી બે અઠવાડિયામાં યુરોપીયન કોર્ટ ઓફ હ્યુમન રાઈટ્સ આ મામલે સુનાવણી કરી શકે છે, જેમાં સીબીઆઈનો પક્ષ પણ સાંભળવામાં આવશે. જો કોર્ટ નીરવ મોદીની અરજી ફગાવી દેશે, તો બ્રિટેનથી તેના પ્રત્યાર્પણનો છેલ્લો કાયદાકીય અવરોધ પણ દૂર થઈ જશે. અગાઉ માર્ચમાં બ્રિટનની હાઈકોર્ટે ભારત સરકાર દ્વારા આપવામાં આવેલી 'ખાતરી' પર વિશ્વાસ મૂકીને પ્રત્યાર્પણ વિરુદ્ધની અરજી ફગાવી દીધી હતી.

55 વર્ષીય નીરવ મોદી માર્ચ 2019થી લંડનની વેન્ડ્સવર્થ જેલમાં બંધ છે.

## હોર્મુઝમાંથી ચીનનું એક સહિત 5 જહાજ પસાર, અન્યએ યુ ટર્ન માર્યો

મધ્ય પૂર્વમાં અમેરિકા અને ઈરાન વચ્ચેના સંઘર્ષને પગલે હોર્મુઝની સામુદ્રધુનિ (Strait of Hormuz) માં તણાવ અત્યંત વધી ગયો છે. અમેરિકાએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ ઈરાની બંદરો સાથે જોડાયેલા તમામ વ્યાપારી જહાજોને અટકાવશે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચેતવણી આપી છે કે જો કોઈ જહાજ આ નાકાબંધીનું ઉલ્લંઘન કરશે, તો તેના પર કાર્યવાહી કરવામાં આવશે. જો કે 5 જાહજ પસાર થયાના અહેવાલ છે. ચીન સાથે જોડાયેલ અને અમેરિકાના પ્રતિબંધો હેઠળનું ટેન્કર 'રિચ સ્ટારી' (Rich Starry), જે માલાવીના ધ્વજ હેઠળ હતું, તેણે આ નાકાબંધીને પડકારવાનો પ્રયાસ કર્યો. સોમવારે તે એકવાર પાછું ફર્યું હતું.


**Muthoot Homefin**

## મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ

કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નં. 19-NE, 19મો માળ, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, રૂપારેલ કોલેજ પાસે, દાદર (વેસ્ટ), મુંબઈ, મહારાષ્ટ્ર - 400 028

### ડિમાન્ડ નોટિસ

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 ની કલમ 13(2) હેઠળ, સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 3(1) સાથે વંચાણે લેતા.

અધસ્તાક્ષરકર્તા સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 (ઉક્ત અધિનિયમ) હેઠળ મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ (MHIL) ના અધિકૃત અધિકારી છે. ઉક્ત અધિનિયમની કલમ 13(2) સાથે વંચાણે લેતા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 3 હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને, અધિકૃત અધિકારીએ ઉક્ત અધિનિયમની કલમ 13(2) હેઠળ ડિમાન્ડ નોટિસ જારી કરી છે, જેમાં નીચે દર્શાવેલ લેણદારો/ઓ (જેમને "ઉક્ત લેણદાર" તરીકે ઓળખવામાં આવશે) ને તેમને જારી કરાયેલ સંબંધિત ડિમાન્ડ નોટિસમાં ઉલ્લેખિત રકમ ચૂકવવા માટે કહેવામાં આવ્યું છે, જે નીચે મુજબ પણ આપવામાં આવી છે.

ઉપરોક્તના સંદર્ભમાં, ઉક્ત લેણદારને આ નોટિસના પ્રકાશનના 60 દિવસની અંદર, ઉક્ત ડિમાન્ડ નોટિસમાં વિગતવાર જણાવ્યા મુજબ, નીચે દર્શાવેલ તારીખોથી ચુકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધી 2% પ્રતિ માસના વધારાના વ્યાજ સાથે, લોન કરાર અને ઉક્ત લેણદારો દ્વારા કરવામાં આવેલ અન્ય દસ્તાવેજો/લેખન હેઠળ ચૂકવવાપાત્ર રકમ MHIL ને ચૂકવવા માટે ફરી એકવાર નોટિસ આપવામાં આવે છે. લોનની યોગ્ય ચુકવણી માટે સુરક્ષા તરીકે, નીચેની મિલકતો સંબંધિત લેણદારો દ્વારા MHIL પાસે ગીરો રાખવામાં આવી છે.

| ક્રમ | લેણદાર(ઓ)/સહ-લેણદાર(ઓ)/ જામીનદારનું નામ / લોન એકાઉન્ટ નં./શાખા | બાકી લેણી રકમ (રૂ.) | ડિમાન્ડ નોટિસની તારીખ | સિક્યોર્ડ એસેટનું વર્ણન (સ્થાવર મિલકત) |
|---|---|---|---|---|
| 1. | સુજીતકુમાર મોહનલાલ સોની/ વીનાકુમારી સુજીતકુમારી સોની/ 004-00000625/ સુરત | રૂ. 3,06,959/- અંકે રૂપિયા ત્રણ લાખ છ હજાર નવસો ઓગણસાઠ પૂરા. | 30-Mar-2026 | ફ્લેટ નં. 106 ના પ્રીમાઈસીસ, માપ અંદાજે 320.00 ચો. ફૂટ એટલે કે 29.74 ચો. મીટર સુપર બિલ્ટ અપ એરિયા અને 211.00 ચો. ફૂટ એટલે કે 19.60 ચો. મીટર બિલ્ટ અપ એરિયા, જમીનના અવિભાજિત હિસ્સા સાથે, પ્રથમ માળ, "ઓમ રેસીડેન્સી", જે ગુજરાત રાજ્ય, જિલ્લોઃ સુરત, સબ-ડિસ્ટ્રિક્ટ અને તાલુકો પલસાણા, મોજેઃ ગામ તાંતીથૈયા, બ્લોક નં. 2, 4, 5, 11-A, 12, 13-A, 14, 15, 16, 39, 40-A, 41, 42, 43, 157, 323-A, 325, 326 ના એકત્રીકરણ પછીના નવા બ્લોક નં. 2 ની બિનખેતી (N.A.) જમીન પૈકી "સોનીપાર્ક હાઉસિંગ સોસાયટી-2" પૈકી પ્લોટ નં. 153, 154 અને 155 પર બનેલ છે, કુલ માપ 209.10 ચો. મીટર. સીમાઓઃ પૂર્વમાંઃ પેસેજ, પશ્ચિમમાંઃ સોસાયટી કોમન પ્લોટ, ઉત્તરમાંઃ બાજુનો ફ્લેટ નં. 107, દક્ષિણમાંઃ બાજુનો ફ્લેટ નં. 105. |
| 2. | વકીલદેવકુમાર બિહારી સાહુ/ કુસુમદેવી વકીલદેવ કુમાર સાહુ/ 004-00402745/ સુરત | રૂ. 5,07,542/- અંકે રૂપિયા પાંચ લાખ સાત હજાર પાંચસો બેતાલીસ પૂરા. | 30-Mar-2026 | સ્થાવર મિલકતનો તમામ ટુકડો અને પાર્સલ, ફ્લેટ નં. A-201, બીજા માળે, માપ 522 ચો. ફૂટ સુપર બિલ્ટ અપ એરિયા, અને 287 ચો. ફૂટ એટલે કે 26.67 ચો. મીટર બિલ્ટ અપ એરિયા, રોડ અને COP ની જમીનમાં 2.45 ચો. મીટર અવિભાજિત હિસ્સા સાથે, "હરિકૃષ્ણ પેલેસ, શિવમ રેસીડેન્સીની બિલ્ડિંગ નં. A", રેવન્યુ સર્વે નં. 102/1, 102/2, બ્લોક નં. 104, 105 પૈકી પ્લોટ નં. 17 થી 19, મોજે ગામ કડોદરા, તાઃ પલસાણા, જીઃ સુરત. સીમાઓઃ ઉત્તરઃ- આંતરિક રોડ, દક્ષિણઃ- બાજુની બિલ્ડિંગ, પૂર્વઃ- બાજુની બિલ્ડિંગ, પશ્ચિમઃ- રોડ. |
| 3. | અમૃત લાલ પુરોહિત/ સંતોષ અમૃત લાલ પુરોહિત/ 059-05900352/ વાપી | રૂ. 6,43,688/- અંકે રૂપિયા છ લાખ ત્રેતાલીસ હજાર છસો અઠ્યાસી પૂરા. | 30-Mar-2026 | ફ્લેટ નં. 405, માપ અંદાજે 750.00 ચો. ફૂટ, જે 69.67 ચો. મીટર સુપર બિલ્ટ અપ એરિયાની સમકક્ષ છે, "ખેતેશ્વર એવન્યુ" તરીકે ઓળખાતી બિલ્ડિંગના ચોથા માળે, પ્લોટ નં. 22 પર બનેલ, માપ અંદાજે 326.25 ચો. મીટર, સર્વે નં. 806 (જુનો સર્વે નં. 27/1 + 28 + 1 11 પૈકી 3/ પૈકી 2), ગામ-છરવાડા, તાલુકો-વાપી, જિલ્લો-વલસાડ, ગુજરાત રાજ્ય. સીમાઓઃ ઉત્તરઃ- ફ્લેટ નં. 406, દક્ષિણઃ ફ્લેટ નં. 404, પૂર્વઃ મુખ્ય એપ્રોચ ત્રિમૂર્તિ એપાર્ટમેન્ટ, પશ્ચિમઃ- પેસેજ અને દાદર. |
| 4. | ચંદ્રભાન રામનારાયણ પાંડે/ સંગીતા ચંદ્રભાન પાંડે/ 004-00000466/ સુરત | રૂ. 5,43,330/- અંકે રૂપિયા પાંચ લાખ ત્રેતાલીસ હજાર ત્રણસો ત્રીસ પૂરા. | 30-Mar-2026 | ફ્લેટ નં. 202, બીજા માળે, માપ 511 ચો. ફૂટ એટલે કે 44.49 ચો. મીટર સુપર બિલ્ટ અપ એરિયા અને 365 ચો. ફૂટ એટલે કે 33.92 ચો. મીટર બિલ્ટ અપ એરિયા, "ખોડિયારનગર-1 ના શ્રી પેલેસ" ની જમીનમાં અવિભાજિત હિસ્સા સાથે, રેવન્યુ સર્વે નં. 411, બ્લોક નં. 13-બી, પૈકી પ્લોટ નં. 12, 13 અને 14 માં, માપ 157.17 ચો. મીટર, મોજે ગામ તાંતીથૈયા, તાઃ પલસાણા, જીઃ સુરત. સીમાઓઃ ઉત્તર- ખુલ્લી જમીન, દક્ષિણ- ખુલ્લી જમીન, પૂર્વઃ- કામધેનુ રેસીડેન્સી, પશ્ચિમઃ- આંતરિક રોડ. |
| 5. | રાજેશકુમાર મિથિલેશ પ્રસાદ/ પ્રિયંકા કુમારી રાજેશકુમાર પ્રસાદ/ 004-00405133/ સુરત | રૂ. 7,57,757/- અંકે રૂપિયા સાત લાખ સત્તાવન હજાર સાતસો સત્તાવન પૂરા. | 30-Mar-2026 | ફ્લેટ નં. 203 ના પ્રીમાઈસીસ, માપ 596.36 ચો. ફૂટ એટલે કે 55.42 ચો. મીટર સુપર બિલ્ટ અપ એરિયા, અને 328 ચો. ફૂટ એટલે કે 30.48 ચો. મીટર બિલ્ટ અપ એરિયા, ગ્રાઉન્ડ લેન્ડમાં 9.14 ચો. મીટરના પ્રમાણસર અવિભાજિત હિસ્સા સાથે, "બીજો માળ", "જલારામ રેસીડેન્સી", ગુજરાત રાજ્ય, જિલ્લોઃ સુરત, સબ-ડિસ્ટ્રિક્ટ અને તાલુકોઃ પલસાણા, મોજેઃ વરેલી, બ્લોક/સર્વે નં. 88/3, માપ 5-28 એકર-ગુંઠા, કુલ માપ હેક્ટર-આરે 2-30-67 ચો. મીટર, આકાર રૂ. 30.54 પૈસા, રહેણાંક હેતુ માટેની N.A. જમીન પૈકી "વ્રજધામ સોસાયટી" પૈકી "દત્તકૃપા", મંજૂર પ્લાન મુજબ પ્લોટ નં. 98, 99 અને 100, માપ પૂર્વ-પશ્ચિમ લંબાઈ 18.30 મીટર અને ઉત્તર-દક્ષિણ પહોળાઈ 9.40 મીટર, કુલ માપ 172.00 ચો. મીટર પૈકી. સીમાઓઃ પૂર્વમાંઃ બાજુનો પ્લોટ નં. 101, પશ્ચિમમાંઃ બાજુનો રોડ માર્જિન, ઉત્તરમાંઃ બાજુનો રોડ માર્જિન, દક્ષિણમાંઃ બાજુનો પ્લોટ નં. 79, 80. |
| 6. | શ્રીકૃષ્ણ ભગવાનભાઈ નિમજે/ ચંદાબેન ભગવાન નિમજે/ 004-00406186/ સુરત | રૂ. 5,99,076/- અંકે રૂપિયા પાંચ લાખ નવાણું હજાર છોતેર પૂરા. | 30-Mar-2026 | સ્થાવર મિલકતનો તમામ ટુકડો અને પાર્સલ, પ્લોટ નં. 32, માપ 12 X 40 ફૂટ એટલે કે 480 ચો. ફૂટ એટલે કે 53.33 ચો. વાર એટલે કે 44.60 ચો. મીટર, રોડ અને COP ની જમીનમાં 31.53 ચો. મીટર અવિભાજિત હિસ્સા સાથે, કુલ માપ 76.13 ચો. મીટર, "શ્રી મહાવીર સોસાયટી", રેવન્યુ સર્વે નં. 193/2 અને 219, બ્લોક નં. 225-એ, માપ 23067 ચો. મીટર અને 31.00 પૈસા, ગામ સચિન, તા. ચોર્યાસી, જી. સુરત. સીમાઓઃ ઉત્તરમાંઃ રોડ, દક્ષિણમાંઃ પ્લોટ નં. 24, પૂર્વમાંઃ પ્લોટ નં. 33, પશ્ચિમમાંઃ પ્લોટ નં. 31. |
| 7. | અખિલેશકુમાર રાધેશ્યામ પ્રસાદ/ લાલતીદેવી રાધેશ્યામ પ્રસાદ/ 004-00406981/ સુરત | રૂ. 43,446/- અંકે રૂપિયા તેતાલીસ હજાર ચારસો છેતાલીસ પૂરા. | 30-Mar-2026 | સ્થાવર મિલકતનો તમામ ટુકડો અને પાર્સલ, ફ્લેટ નં. 409, ચોથા માળે, માપ 441.40 ચો. ફૂટ સુપર બિલ્ટ અપ એરિયા, અને 360.71 ચો. ફૂટ એટલે કે 33.51 ચો. મીટર બિલ્ટ અપ એરિયા, "ગોવિંદજીપાર્ક સોસાયટીના માધવ વિલા" ની જમીનમાં અવિભાજિત હિસ્સા સાથે, રેવન્યુ સર્વે નં. 94, બ્લોક નં. 123 પૈકી પ્લોટ નં. 1, 2, 3 માપ 441.40 ચો. મીટર, મોજે ગામ બગુમરા, તાઃ પલસાણા, જીઃ સુરત. પૂર્વમાંઃ બાજુનો રોડ, પશ્ચિમમાંઃ બાજુનો સોસાયટી રોડ, ઉત્તરમાંઃ બાજુનો પ્લોટ નં. 4, દક્ષિણમાંઃ બાજુનો બ્લોક નં. માર્ગીંગ પ્લેસ. |
| 8. | સુનિલ સાહેબરાવ પાટીલ/ માલુબાઈ સાહેબરાવ પાટીલ/ 004-00404273/ સુરત | રૂ. 3,55,952/- અંકે રૂપિયા ત્રણ લાખ પંચાવન હજાર નવસો બાવન પૂરા. | 30-Mar-2026 | સ્થાવર મિલકતનો તમામ ટુકડો અને પાર્સલ, ફ્લેટ નં. B-109, પ્રથમ માળે, માપ 540 ચો. ફૂટ સુપર બિલ્ટ અપ એરિયા અને 297 ચો. ફૂટ એટલે કે 27.60 બિલ્ટ અપ એરિયા, રોડ અને COP ની જમીનમાં 2.53 ચો. મીટર અવિભાજિત હિસ્સા સાથે, "હરિકૃષ્ણ પેલેસ, બિલ્ડિંગ-B", રેવન્યુ સર્વે નં. 102/1, 102/2, બ્લોક નં. 104, 105 પૈકી "શિવમ રેસીડેન્સી", પૈકી પ્લોટ નં. 34 થી 36, મોજે ગામ કડોદરા, તાઃ પલસાણા, જીઃ સુરત. સીમાઓઃ પૂર્વમાંઃ બાજુની બિલ્ડિંગ, પશ્ચિમમાંઃ રોડ, દક્ષિણમાંઃ બાજુની બિલ્ડિંગ, ઉત્તરમાંઃ આંતરિક રોડ. |
| 9. | લખીચંદ ભિલાજીરાવ પાટીલ/ સંગીતા લખીચંદ પાટીલ/ 004-00405151/ સુરત | રૂ. 4,69,983/- અંકે રૂપિયા ચાર લાખ ઓગણસિત્તેર હજાર નવસો ત્યાસી પૂરા. | 30-Mar-2026 | સ્થાવર મિલકત, ફ્લેટ નં. 107 ના પ્રીમાઈસીસ, માપ 27.59 ચો. મીટર બિલ્ટ અપ એરિયા, 272 ચો. ફૂટ કાર્પેટ એરિયા, અને 495 ચો. ફૂટ સુપર બિલ્ટ અપ એરિયા, જમીનના પ્રમાણસર અવિભાજિત હિસ્સા સાથે, "પ્રથમ માળ", "શિવાય રેસીડેન્સી", ગુજરાત રાજ્ય, જિલ્લોઃ સુરત, સબ-ડિસ્ટ્રિક્ટ અને તાલુકોઃ પલસાણા, મોજેઃ ગામ તાંતીથૈયા, બ્લોક નં. 200/A, રેવન્યુ સર્વે નં. 272 પૈકી, માપ 24,615 ચો. મીટર, આકાર રૂ. 29.44 પૈસા, પ્લોટ્સ પૈકી પ્લોટ નં. 291 થી 295, માપ 273.10 ચો. મીટર, N.A. જમીન પૈકી. સીમાઓઃ પૂર્વમાંઃ ખુલ્લી જમીન, પશ્ચિમમાંઃ બાજુનો સોસાયટી રોડ, ઉત્તરમાંઃ બાજુનો બ્લોક નં. 202, 203, દક્ષિણમાંઃ બાજુનો સોસાયટી રોડ. |
| 10. | દિનકર રતન સરકાટે/ સુરેખા દિનકર સરકાટે/ 004-00402829/ સુરત | રૂ. 4,73,050/- અંકે રૂપિયા ચાર લાખ તોતેર હજાર પચાસ પૂરા. | 30-Mar-2026 | મિલકતનો તમામ ટુકડો અને પાર્સલ, ફ્લેટ નં.: 101, માપ અંદાજે 288.00 ચો. ફૂટ એટલે કે 26.76 ચો. મીટર, પ્રથમ માળે, "સાઈ આશીર્વાદ પેલેસ" તરીકે ઓળખાતી બિલ્ડિંગમાં, જમીનના અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે, જે "સાઈદર્શન રેસીડેન્સી" ના પ્લોટ નં.: 258 અને 259 પર આવેલ છે, રેવન્યુ સર્વે નં.: 93/1, બ્લોક નં. 121, ગામ બગુમરા, સબ-ડિસ્ટ્રિક્ટઃ પલસાણા, જી. સુરત. પૂર્વઃ બાજુનો પ્લોટ નં. 273, 274, 275, પશ્ચિમમાંઃ બાજુનો સોસાયટી રોડ, ઉત્તરમાંઃ બાજુનો પ્લોટ નં. 257, દક્ષિણમાંઃ બાજુનો પ્લોટ નં. 26^0. |
| 11. | અખિલેશકુમાર રાધેશ્યામ પ્રસાદ/ લાલતીદેવી રાધેશ્યામ પ્રસાદ/ 004-00403265/ સુરત | રૂ. 5,32,615/- અંકે રૂપિયા પાંચ લાખ બત્રીસ હજાર છસો પંદર પૂરા. | 30-Mar-2026 | સ્થાવર મિલકતનો તમામ ટુકડો અને પાર્સલ, ફ્લેટ નં. 409, ચોથા માળે, માપ 441.40 ચો. ફૂટ સુપર બિલ્ટ અપ એરિયા અને 360.71 ચો. ફૂટ એટલે કે 33.51 ચો. મીટર બિલ્ટ અપ એરિયા, "ગોવિંદજીપાર્ક સોસાયટીના માધવ વિલા" ની જમીનમાં અવિભાજિત હિસ્સા સાથે, રેવન્યુ સર્વે નં. 94, બ્લોક નં. 123 પૈકી પ્લોટ નં. 1, 2, 3 માપ 441.40 ચો. મીટર, મોજે ગામ બગુમરા, તાઃ પલસાણા, જીઃ સુરત. પૂર્વમાંઃ બાજુનો રોડ, પશ્ચિમમાંઃ બાજુનો સોસાયટી રોડ, ઉત્તરમાંઃ બાજુનો પ્લોટ નં. 4, દક્ષિણમાંઃ બાજુનો બ્લોક નં. માર્ગીંગ પ્લેસ. |
| 12. | હરિપાદ સનાતન વિશ્વાસ/ ભગવતી હરિપાદ વિશ્વાસ/ 004-00404416/ સુરત | રૂ. 5,40,034/- અંકે રૂપિયા પાંચ લાખ ચાલીસ હજાર ચોત્રીસ પૂરા. | 30-Mar-2026 | સ્થાવર મિલકતનો તમામ ટુકડો અને પાર્સલ, ફ્લેટ નં. 502, પાંચમા માળે, માપ 545.56 ચો. ફૂટ સુપર બિલ્ટ અપ એરિયા અને 300.06 ચો. ફૂટ એટલે કે 27.89 ચો. મીટર બિલ્ટ અપ એરિયા, રોડ અને C.O.P. ની જમીનમાં 8.37 ચો. મીટર અવિભાજિત હિસ્સા સાથે, "આરાધના લેક ટાઉન પાર્ટ-2 ની રાધે રેસીડેન્સી", બ્લોક નં. 3, 4, 5, 6, 7, 8, 9, 10, 12, 19, 362 અને નવો બ્લોક નં. 3, કુલ માપ 53988 ચો. મીટર, પૈકી પ્લોટ નં. 760 (KJP મુજબ બ્લોક નં. 3/760 માપ 398.91 ચો. મીટર), મોજે જોળવા, તાઃ પલસાણા, જી. સુરત. ઉત્તરમાંઃ સોસાયટીની હદ, દક્ષિણમાંઃ સોસાયટીનો આંતરિક રોડ, પૂર્વમાંઃ સોસાયટીની હદ, પશ્ચિમમાંઃ સોસાયટીનો આંતરિક રોડ. |
| 13. | હદમતસિંહ બી ઝાલા/ ચંદાકુંવર હદમતસિંહ ઝાલા/ 004-00405390/સુરત | રૂ. 5,43,665/- અંકે રૂપિયા પાંચ લાખ ત્રેતાલીસ હજાર છસો પાંસઠ પૂરા. | 30-Mar-2026 | ફ્લેટ નં. 202 ના પ્રીમાઈસીસ, માપ 612 ચો. ફૂટ એટલે કે 56.87 ચો. મીટર સુપર બિલ્ટ અપ એરિયા અને 367 ચો. ફૂટ એટલે કે 34.10 ચો. મીટર બિલ્ટ અપ એરિયા, જમીનના પ્રમાણસર અવિભાજિત હિસ્સા સાથે, "બીજો માળ", "ઓમ સાઈ રેસીડેન્સી", ગુજરાત રાજ્ય, જિલ્લોઃ સુરત, સબ-ડિસ્ટ્રિક્ટ અને તાલુકોઃ પલસાણા, મોજેઃ બગુમરા, રેવન્યુ સર્વે નં. 198, 199, 200, 213, બ્લોક નં. 191 પૈકી 1, "સાઈ વાટિકા રો હાઉસ વિભાગ-2" પ્લોટ પૈકી પ્લોટ નં. 540 માપ 2261.63 ચો. વાર એટલે કે 1891 ચો. મીટર (K.J.P પછીના બ્લોક નં. 191/540 મુજબ), પ્રાઇવેટ પ્લોટ નં. G માપ 470 ચો. વાર એટલે કે 392.97 ચો. મીટર, N.A. જમીન પૈકી. સીમાઓઃ પૂર્વમાંઃ બાજુની ખુલ્લી જમીન, પશ્ચિમમાંઃ બાજુનો સોસાયટી આંતરિક રોડ, ઉત્તરમાંઃ બાજુનો પ્લોટ નં. F/1, દક્ષિણમાંઃ બાજુની ખુલ્લી જમીન. |
| 14. | આશાબેન જયંતીભાઈ મકવાણા/ વિશાલ જયંતીભાઈ મકવાણા/ 004-00404150/ સુરત | રૂ. 6,18,403/- અંકે રૂપિયા છ લાખ અઢાર હજાર ચારસો ત્રણ પૂરા. | 30-Mar-2026 | સ્થાવર મિલકતનો તમામ ટુકડો અને પાર્સલ, ફ્લેટ નં. 204, બીજા માળે, માપ 647 ચો. ફૂટ સુપર બિલ્ટ અપ એરિયા અને 36.04 ચો. મીટર બિલ્ટ અપ એરિયા, "નીલમનગર ટેનામેન્ટના ગજાનંદ પેલેસ" ની જમીનમાં 7.18 ચો. મીટર અવિભાજિત હિસ્સા સાથે, બ્લોક નં. 82 પૈકી પ્લોટ નં. 79 અને 80, માપ 130.08 ચો. મીટર, મોજે ગામ સાયણ, તાઃ ઓલપાડ, જીઃ સુરત. ઉત્તરમાંઃ 10 ફૂટ શેરી, દક્ષિણમાંઃ 25 ફૂટ એપ્રોચ રોડ, પૂર્વમાંઃ 25 ફૂટ એપ્રોચ રોડ, પશ્ચિમમાંઃ પ્લોટ નં. 81. |
| 15. | નીતિનભાઈ ભીલાભાઈ પંઢારે/ જ્યોતિ નીતિન પંઢારે/ 004-00404747/ સુરત | રૂ. 6,80,020/- અંકે રૂપિયા છ લાખ એંસી હજાર વીસ પૂરા. | 30-Mar-2026 | ફ્લેટ નં. 205, માપ 62.43 ચો. મીટર, બીજો માળ, હરિવિલા-2, બિલ્ડિંગ નં. C-2, સાઈ વાટિકા-2, સર્વોત્તમ હોટેલની સામે, સુરત બારડોલી હાઈવે પાસે, બગુમરા, પલસાણા, સુરત. સીમાઓઃ ઉત્તરઃ સોસાયટી રોડ, દક્ષિણઃ B વિંગ, પૂર્વઃ સોસાયટી રોડ, પશ્ચિમઃ સોસાયટી રોડ. |
| 16. | વિજયભાઈ પ્રવીણભાઈ સિદ્ધપુરા/ નયનાબેન વિજયભાઈ સિદ્ધપુરા/ 004-00000780/ સુરત | રૂ. 8,60,111/- અંકે રૂપિયા આઠ લાખ સાઠ હજાર એકસો અગિયાર પૂરા. | 30-Mar-2026 | ફ્લેટ નં. 102 ના પ્રીમાઈસીસ, માપ 733 ચો. ફૂટ સુપર બિલ્ટ અપ એરિયા, 484 ચો. ફૂટ એટલે કે 44.98 ચો. મીટર બિલ્ટ અપ એરિયા, જમીનના 10.46 ચો. મીટર પ્રમાણસર અવિભાજિત હિસ્સા સાથે, "પ્રથમ રેસીડેન્સી", ગુજરાત રાજ્ય, જિલ્લોઃ કામરેજ, સબ-ડિસ્ટ્રિક્ટ અને તાલુકોઃ કામરેજ, મોજેઃ કામરેજ, બ્લોક નં. 357 પૈકી 2, માપ 9510.00 ચો. મીટર, સીમંધર નગર તરીકે ઓળખાતા પૈકી પ્લોટ નં. A-43, B-43, 44-A, 44-B, 45-A (મંજૂર પ્લાન મુજબ પ્લોટ નં. 43, 44, 45), કુલ માપ 292.53 ચો. મીટર, રહેણાંક N.A. જમીન પૈકી. સીમાઓઃ પૂર્વમાંઃ અંબર રેસીડેન્સી, પશ્ચિમમાંઃ બાજુનો રોડ, ઉત્તરમાંઃ સજાવટ રેસીડેન્સી, દક્ષિણમાંઃ સજાવટ રેસીડેન્સી, ઓપન પ્લોટ પ્રોપર્ટી. |

જો ઉક્ત લેણદારો ઉપર મુજબ MHIL ને ચુકવણી કરવામાં નિષ્ફળ જશે, તો MHIL ઉક્ત અધિનિયમની કલમ 13(4) અને લાગુ પડતા નિયમો હેઠળ ઉપરોક્ત સુરક્ષિત મિલકતો સામે કાર્યવાહી કરશે, જે સંપૂર્ણપણે ઉક્ત લેણદારોના ખર્ચ અને પરિણામોના જોખમે રહેશે. ઉક્ત લેણદારોને અધિનિયમ હેઠળ MHIL ની પૂર્વ લેખિત સંમતિ વિના ઉપરોક્ત મિલકતોને વેચાણ, લીઝ અથવા અન્યથા ટ્રાન્સફર કરવા પર પ્રતિબંધ છે. કોઈપણ વ્યક્તિ જે ઉક્ત અધિનિયમ અથવા તે હેઠળ બનાવેલા નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે અથવા ઉલ્લંઘન કરવામાં મદદ કરે છે, તે અધિનિયમ હેઠળ આપવામાં આવેલી જોગવાઈ મુજબ જેલ અને/અથવા દંડ માટે જવાબદાર રહેશે.

તારીખઃ 15 એપ્રિલ, 2026
સ્થળઃ સુરત, વલસાડ, કામરેજ

સહી/- અધિકૃત અધિકારી,
મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ